RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 358 * Date: 19.10.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ભારતમાં બાંગ્લાદેશ-ફ્રાંસ જેવી હિંસા ફેલાવવાની યોજના હતી..', કેન્દ્રીય મંત્રીનો મોટો દાવો

કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ જણાવ્યું કે, ભારતમાં સત્તા પરિવર્તન માત્ર ચૂંટણી દ્વારા જ શક્ય છે, કોઈ વિદેશી તાકાતથી નહીં. તેમણે બાંગ્લાદેશ અને ફ્રાન્સની હિંસાનો ઉલ્લેખ કરી, ભારતમાં પણ આવી સ્થિતિ સર્જવાનું કાવતરું રચાયું હોવાનો આક્ષેપ કર્યો. રિજિજુએ કહ્યું કે, ભારતવિરોધી જૂથો યુવાનોને ઉશ્કેરી હિંસા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ ભારતીય યુવાનો દેશનું નિર્માણ કરશેભારતમાં સત્તા પરિવર્તન માત્ર ચૂંટણી દ્વારા જ થઈ શકે છે, કોઈ વિદેશી તાકાતના માધ્યમથી નહીં, એવું કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ જણાવ્યું છે. બાંગ્લાદેશમાં થયેલી હિંસા અને ફ્રાન્સમાં થયેલાં તોફાનો, આગચંપી તથા લૂંટફાટનો ઉલ્લેખ કરીને તેમણે ભારતમાં પણ આવી સ્થિતિ સર્જવાનું કાવતરું રચાયું હોવાનો આક્ષેપ કર્યો છે. દુનિયાના અનેક દેશોમાં હિંસક પ્રદર્શનો થઈ રહ્યાં છે. ફ્રાન્સમાં મોટા પાયે આંદોલન દરમિયાન વિવિધ સ્થળોએ આગચંપી અને દુકાનોમાં લૂંટફાટની ઘટનાઓ બની છે. આ સ્થિતિનો ઉલ્લેખ કરીને રિજિજુએ એક્સ પરની પોસ્ટ દ્વારા ભારતમાં પ્રદર્શન કરનારાઓને નિશાન બનાવ્યા હતા.નકશા જુઓરિજિજુએ પોસ્ટમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં થયેલી હિંસા અને ફ્રાન્સમાં થયેલાં તોફાનો જેવી સ્થિતિ ભારતમાં સર્જવાનું કાવતરું ઘડાયું હતું. તેમના દાવા પ્રમાણે, ભારતવિરોધી જૂથો અને કેટલાક રાજકારણીઓએ સાથે મળીને યુવાનોને ઉશ્કેરવાની અને રસ્તાઓ પર હિંસા ફેલાવવાની યોજના બનાવી હતી. તેમણે કહ્યું કે ભારત ન તો બાંગ્લાદેશ છે કે ન તો ફ્રાન્સ. ભારતમાં સત્તા પરિવર્તન થઈ શકે છે, પરંતુ તે માત્ર ચૂંટણી દ્વારા જ શક્ય છે, જ્યોર્જ સોરોસના માધ્યમથી નહીં. આ પોસ્ટ સાથે રિજિજુએ એક વીડિયો પણ શેર કર્યો હતો. તેમાં નેહા બોરા દ્વારા બાંગ્લાદેશના યુવાનોનો આભાર વ્યક્ત કરાતી ક્લિપ, પ્રશાંત ભૂષણનું 'રિજીમ ચેન્જ' અંગેનું નિવેદન અને જુલાઈ-ઑગસ્ટ દરમિયાન થયેલાં પ્રદર્શનોનાં દશ્યો સામેલ છે.રિજિજુએ ૧૫ ઑક્ટોબરે કરેલી પોસ્ટમાં કહ્યું હતું કે એક તરફ 'દિમાગી નક્સલ' છે અને બીજી તરફ દેશભક્ત ભારતીયો છે. તેમણે ભારતના બંધારણમાં વિશ્વાસ ધરાવતા લોકો અને અરાજકતાવાદીઓ વચ્ચે સંઘર્ષ હોવાની વાત પણ કરી હતી. તેમના મતે, ભારતવિરોધી તાકાતો અને દેશનું રક્ષણ કરવા માગતા દેશભક્તો વચ્ચે લડાઈ છે. ત્યારબાદ ૧૭ ઑક્ટોબરે તેમણે 'રિજીમ ચેન્જ'ની વાત કરનારાઓને નિશાન બનાવતાં લખ્યું હતું કે ભારત બાંગ્લાદેશ નથી. ભારતીય યુવાનો દેશનો નાશ કરવાને બદલે તેનું નિર્માણ કરશે, એવું તેમણે જણાવ્યું હતું. રમતગમતમાં ચંદ્રકો જીતવાથી લઈને કૌશલ્ય વિકાસ, નવીનતા, સ્ટાર્ટઅપ, ટેકનોલોજી અને સાંસ્કૃતિક ક્ષેત્ર સુધી ભારતીય યુવાનો આગળ વધી રહ્યા હોવાનું પણ તેમણે કહ્યું હતું.



ગાંધીનગરના કુડાસણ ખાતે નવીન 'નિરાયા હોસ્પિટલ'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના કુડાસણ ખાતે નિર્માણ પામેલ નવીન 'નિરાયા હોસ્પિટલ'નું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલમાં ઉપલબ્ધ આધુનિક મેડિકલ સાધનો અને સુવિધાઓનું નિરીક્ષણ કરી તબીબો અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ નવીન સ્પેશિયાલિટી સેન્ટર શરૂ થવાથી ગાંધીનગર અને આસપાસના વિસ્તારના નાગરિકોને પેટ-પાચનતંત્ર તથા કાન-નાક-ગળા ના રોગોની ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવાર અને સર્જરી હવે સ્થાનિક સ્તરે જ સરળતાથી મળી રહેશે. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રિટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ પટેલ સહિત મુખ્ય તબીબ ડૉ. નીલ બી. પટેલ અને ડૉ. ખુશાલી એન. પટેલ સહિત તેમના પરિવારજનો, આરોગ્ય ક્ષેત્રના અગ્રણીઓ તેમજ સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

એક મુસ્લિમ નેતાની વિનાશની ભવિષ્યવાણી બાદથી ફ્રાન્સ-ઈટાલીમાં સ્થિતિ બેકાબૂ!

યુરોપના ફ્રાન્સ અને ઈટાલીમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે સંસ્કૃતિ, સ્થળાંતર અને કટ્ટરવાદને લગતી ચર્ચા ફરી તેજ બની છે. આ દરમિયાન સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન જાયદ અલ નાહયાને વર્ષ ૨૦૧૭માં યુરોપને આપેલી ચેતવણી ફરી ચર્ચામાં આવી છે. તેમણે રાજકીય રીતે યોગ્ય દેખાવાના પ્રયાસમાં કટ્ટરવાદ સામે નિર્ણાયક પગલાં લેવામાં નિષ્ફળ રહેલા દેશો ભવિષ્યમાં મુશ્કેલીનો સામનો કરી શકે છે તેવી ચિંતા વ્યક્ત કરી હતી. જોકે, હાલનાં વિરોધ પ્રદર્શનોને તેમની ચેતવણીનું સીધું પરિણામ ભોગવવા માટે પૂરતા પુરાવા નથી.મે ૨૦૧૭માં રિયાધમાં યોજાયેલા ટ્વીપ્સ ફોરમ દરમિયાન શેખ અબ્દુલ્લા બિન જાયદે યુરોપમાં કટ્ટરવાદી પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે યોગ્ય નિર્ણયો લેવામાં વિલંબ અને રાજકીય રીતે યોગ્ય દેખાવાની વૃત્તિને કારણે યુરોપમાંથી વધુ કટ્ટરવાદીઓ અને આતંકવાદીઓ ઊભા થવાનું જોખમ છે.



સુરતના કાપોદ્રામાં કારીગરો વચ્ચે પૈસાની લેતીદેતીમાં ઝઘડો, કારખાના બંધ કરાવાયાની અફવા, પોલીસે સ્પષ્ટતા કરી



સુરતના કાપોદ્રા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૫૦૦ રૂપિયાની લેતી-દેતી મામલે કારીગરોના બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. રવિવારની રજા બાબતે કારખાના બંધ કરાવવાની અફવા ફેલાતા ડરનો માહોલ સર્જાયો હતો. ધારાસભ્ય કુમાર કાનાણી અને પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પોલીસે સ્પષ્ટતા કરી કે આ માત્ર સામાન્ય ઝઘડો હતો અને કોઈ મોટો વિવાદ નથી. હાલ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે.

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં માત્ર ૫૦૦ રૂપિયાની લેતી-દેતી બાબતે કારીગરોના બે જૂથ વચ્ચે મારામારીની ઘટના સામે આવી હતી. આ સામાન્ય વિવાદ બાદ શહેરમાં એવી અફવા જોર પકડી હતી કે રવિવારની રજાના વિવાદને લઈને સમગ્ર વિસ્તારમાં કારખાનાઓ બળજબરીથી બંધ કરાવવામાં આવી રહ્યા છે. આ અફવા ફેલાતા અને ઘટનાની ગંભીરતા જોઈને મોટી સંખ્યામાં ખાતાધારકો કાપોદ્રા પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. આ મામલો ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણી સુધી પહોંચતા તેઓ પણ તાત્કાલિક પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા.મળતી માહિતી અનુસાર, કાપોદ્રાના ઔદ્યોગિક વિસ્તારમાં કામ કરતા કારીગરો વચ્ચે ૫૦૦ રૂપિયાની લેતી-દેતી બાબતે બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો ઉગ્ર બનતા બંને જૂથો વચ્ચે મારામારી સર્જાઈ હતી. આ મામલો શાંત થાય તે પહેલાં જ સોશિયલ મીડિયા અને આસપાસના વિસ્તારોમાં અફવાઓનું બજાર ગરમ થયું હતું કે રવિવારની રજાના વિવાદને લઈને એમ્બ્રોડરીના તમામ કારખાનાઓ બંધ કરાવવામાં આવી રહ્યા છે. આ અફવાને કારણે અચાનક ડરનો માહોલ ઊભો થયો હતો અને ઘટનાસ્થળ તેમજ આસપાસના તમામ કારખાનાઓ સ્વયંભૂ કે અફવાના ડરે બંધ થઈ ગયા હતા.

પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં જ ખાતાધારકો અને રત્નકલાકારો/કારીગરો કાપોદ્રા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક ધારાસભ્ય કુમાર કાનાણી પણ પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને સમગ્ર માની તથ્યો જાણી અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

પોલીસ તંત્ર દ્વારા આ મામલે સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ઘટનાને કોઈપણ પ્રકારના શ્રમિક આંદોલન કે મોટા વિવાદ સાથે કોઈ જ લેવાદેવા નથી. માત્ર સામાન્ય આર્થિક લેતી-દેતીનો જ ઝઘડો હતો. ધારાસભ્ય કુમાર કાનાણીએ પણ જણાવ્યું હતું કે, રજાના વિવાદને લગતી માત્ર અફવા ફેલાઈ હતી, જોકે સુરક્ષાના ભાગરૂપે પોલીસ દ્વારા વિસ્તારમાં પૂરતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને હાલ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

તંત્રી લેખ

ચાંદીમાં ૧૦,૦૦૦ તો સોનામાં ૩,૦૦૦ થી વધુનું ગાબડું, જાણો અઠવાડિયામાં કેટલો બદલાયો ભાવ

ઓક્ટોબર ૨૦૨૬માં સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. મ્ત્નછના આંકડા મુજબ, ૨૪ કેરેટ સોનું ૩,૦૦૪ રૂપિયા ઘટીને ૧,૪૬,૪૨૬ રૂપિયા (પ્રતિ ૧૦ ગ્રામ) થયું છે. જ્યારે ચાંદી ૧૦,૧૯૧ રૂપિયા ઘટીને ૨,૧૦,૯૧૮ રૂપિયા (પ્રતિ કિલોગ્રામ) પર પહોંચી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર મજબૂત થવા અને વ્યાજદર વધવાની શક્યતાને કારણે ભાવ ઘટ્યા છે. રોકાણકારો માટે આ ખરીદીનો સારો અવસર છે સોના અને ચાંદીની કિંમતોમાં આ અઠવાડિયે મોટો ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (મ્ત્નછ)ના આંકડા અનુસાર, ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૩,૦૦૪ રૂપિયા ઘટીને ૧,૪૬,૪૨૬ રૂપિયા થયો છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૧૦,૧૯૧ રૂપિયાનો ઘટાડો થતાં કિંમત ૨,૧૦,૯૧૮ રૂપિયા પર આવી પહોંચી છે. કિંમતી ધાતુઓમાં આવેલી આ નરમાઈને કારણે રોકાણકારો અને ઘરેણાં ખરીદવાનું આયોજન કરતા લોકોનું ધ્યાન બજાર તરફ ખેંચાયું છે.નકશા જુઓઆ અઠવાડિયે સોનાની અલગ-અલગ શુદ્ધતાના ભાવમાં પણ ઘટાડો થયો છે. મ્ત્નછના આંકડા પ્રમાણે, ૨૪ કેરેટ સોનાની કિંમત અગાઉ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૪૯,૪૩૦ રૂપિયા હતી, જે ઘટીને ૧,૪૬,૪૨૬ રૂપિયા થઈ છે. ૨૨ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૩૬,૮૭૮ રૂપિયાથી ઘટીને ૧,૩૪,૧૨૬ રૂપિયા થયો છે. જ્યારે ૧૮ કેરેટ સોનાની કિંમત ૧,૧૨,૦૭૩ રૂપિયાથી ઘટીને ૧,૦૯,૮૨૦ રૂપિયા થઈ છે. આ આંકડા દર્શાવે છે કે અઠવાડિયા દરમિયાન સોનાના ભાવ ઘટ્યા છે. જોકે, સ્થાનિક ઝવેરીઓ પાસે ખરીદી કરતી વખતે મેકિંગ ચાર્જ, જ્ઞ્જ્ અને અન્ય લાગુ પડતા ખર્ચને કારણે અંતિમ કિંમત અલગ હોઈ શકે છે.

લ્હાણી પણ મળતી હતી, અને માત્ર સ્ત્રીઓ જ ગરબા રમતીઃ અસારવામાં એક રાઉન્ડ પૂરો કરતા કલાક લાગતો : લોકપ્રિય ભગતો ગરબા ગવડાવતા

અમદાવાદ : એક સમયે (અંદાજે ૧૯૮૦ અથવા ૨૦૦૩-પવર્ષ દરમ્યાન)નવરાત્રિનો અલગ જમાનો હતો. માઈક નહી, લાઉડસ્પીકર નહી. વાઝિંત્રોમાં પણ એક ઢોલક અને હાર્મોનિયમ, મહિલા ગાયક પણ નહી, પરંતુ અમારી ચપટી વાગે અને ગરબો શરૂ થાય એટલે બધા ઝીલે. એક જ તાલ અને પગની ઠેક સાથે ગરબા શરૂ થઈ જાય. ગરબા ગવડાવવામાં ફક્ત સ્ત્રીઓ જ હોય. જિંદગીના સાડા સાત દાયકા ગરબા ગવડાવ્યા છે અને ભજન કીર્તન કરાવ્યાં છે તેવા નંદુ ભગત સ્મૃતિઓ સંકોરે છે. તેમના સમકાલીન ભગતોમાંથી કેસરી અને કીર્તન ભુવનિક તરીકેનો ઈલ્કાબ પામી ચૂકેલા નંદુ ભગત નવરાત્રિએ ગરબા ગવડાવતા હતા પરંતુ પ્રાચીન ગરબા બે-ચાર ગામ પછી બોલવામાં કંટાળે છે એટલે તેમના પુત્ર રાધેશ્યામ નવા ગરબા શરૂ કરાવતા જેમાં ડીસ્કો ઢાળ પરના પણ હતા અને માતાજીની ભક્તિ માટે ગરબા ગાનારા નંદુ ભગત પૂજા માટે ગરબા કરી પોતે પાછળ કોરસમાં જોડાઈ જતા.

?છેલ્લા કેટલાક વર્ષથી ગરબામાં રાગ-રાગિણી અપભ્રંશ કરી નાખ્યાં છે. શબ્દોનો કોઈ ધર્મ રહ્યો નથી. મૂળ ગરબા સાંભળીને ઈશ્વરીય, આધ્યાત્મિક વિચાર આવતા હતા. હવેના ગરબા સંગીત આધારિત છે. મ્યુઝિક જેટલું ફાસ્ટ વાગે તેમ લોકો દોડે, પછી શબ્દો ભલે ગમે તેવા હોય. પહેલાં એવું હતું કે ગાયક ગરબો ગાય અને ગરબા ગાનારા તેને ઝીલે બીજા કોઈ મ્યુઝિકનો અવાજ હોય નહી એટલે દૂર સુધી ગાયકનો અવાજ પણ જાય અને ઝીલાય એટલે ગરબો જામે. ગરબા ગવડાવવા કોઈ સ્ટેજ પણ નહી ઊભા ઊભા ફરતા ફરતા જ ગરબા ગવડાવતા હતા.

?સાઈઠ, સીત્તેર અને એંસીના દાયકા સુધી આ માહોલ રહ્યો હતો તે વખતે ગોમતીપુર, ઘી કાંટા, રાજા મહેતાની પોળ, માણેકચોક, ભદ્રની ઢાળવાળો વિસ્તાર, ધનાસુથારની પોળ, ભંડારી પોળ, રાયખડ, દરિયાપુર, અસારવા એમ અનેક વિસ્તારોમાં પરંપરાગત પિત્તળની નળીઓ સુધી તમામ વસ્તુઓની લ્હાણી વહેંચાતી, લોકો પ્રેમથી આપતા અને લોકો પ્રેમથી લેતા પણ ખરા. આરતી ગરબા પછી જ થતી. ખાંડના રમકડાંનો પ્રસાદ વહેંચાતો.

?થોડા સમય પછી ગરબામાં લાઉડસ્પીકર આવ્યા પણ તેનું વાલ્યુમ એટલું બધું હતું તો એકાદ ભૂંગળું લગાડી દેવાય એટલે વાત પૂરી.

?અત્યારે જેવા ઝડપથી ગરબા કરાવે છે અને ગવાય છે તેવું પહેલાં થતું તેમાં બે ગરબાની સરખામણી ખાસ થતી. સગા બહેનનું માળું દાતરડું રે લોલ અને વળાંક માંકી મેવાસી વણઝારા એ બે ગરબા છેલ્લે ગવડાવવાના એટલે ઝડપથી ગરબા રમવાવાળાની હોંશ પૂરી થતી હતી.

?અત્યારના ગરબા કેવા લાગે છે તેના જવામાં વડીલો નિસાસો નાખતા કહે છે, 'હવે તો ભાઈ અમારા માટે કંઈ જોવા જેવું રહ્યું નથી. મોંટી ઉંમરવાળાને જો વાંસું હોય તો જોડાઈકના શકે એવું થોથાંરીયું સંગીત આવી ગયું છે. પહેલાં માતાજીના ગરબા ગવાતા હવે સંગીત જ વાગ્યા કરે છે. ધાર્મિક પર્વ રહ્યું નથી ઉજવણી જ થાય છે અને સંયમનો વિષય રહ્યો નથી. હવે એવું લાગે છે કે છોકરીઓ જ્યાં સુધી છોકરાઓને ન જુવે ત્યાં સુધી ગરબા જ ન ગાય. પછી છોકરીઓ તો ભૂતડાંની જેમ નીકળી પડે છે.

?પહેલા તાળીઓના તાલે એટલે કે એકતાલે તાળીઓના ઉપયોગ થતો હવે હાથનો ઉપયોગ ઓછો ને કમરનો ઉપયોગ વધુ થાય છે, આરતી દરમિયાન હવે મંડળી ફરતે ઊંઘા ગરબા ગવાય છે તેવું પહેલાં કશું થતું નહી, આ રીત નવા બુદ્ધિશાળીઓએ શોધી કાઢેલી છે, છોકરાઓ - પુરુષો તો છેલ્લા વીસેક વર્ષથી જ વધુ જોડાવા લાગ્યા છે. એ સમયે પોળોમાં કે શેરીમાં માત્ર સ્ત્રીઓ જ ગરબામાં જોડાતી હતી.

૧૯૭૦-૮૦ વર્ષ ના સમયમાં નામંકિત ભગતોની બોલબાલા રહેતી હતી એ જમાના જીતુ ભગત, બિંદુ ભગત, ઓધવજી ભગત, નટુ ભગત, સુરેશ ભગત, હકુબગત, રમણજી ભગત, નંદુ ભગત સૌ એ સમયના સુપરસ્ટાર ગરબા ગાયકો હતા. નવરાત્રીના પ્રારંભથી શરૂ કરીને શરદપૂનમ સુધી તેમના ગરબા ચાલતા હતા. એ સમયે ડીજે, કે ઓર્કેસ્ટ્રા નહોતા પણ ગરબાની રમઝટ ચાલતી આજની જેમ ઝાકમઝોળ નહોતી કે હરીફાઈ પણ નહોતી. કાલકારો પણ સંતોષી હતા.જે તે ભગતની સાથે સંકળાયેલા હોવાનો ગર્વ અને ખુમારી બંને અનુભવતા હતા.

?દરેક ભગતની ગરબા ગવડાવવાની એક વિશિષ્ટ અદા રહેતી હતી. બિંદુ ભગત માઈક પાસે કાનુડાની જેમ ૨ પગની આંટી મારીને ઊભા રહેતા. જભ્ભા -ધોતિયા સાથે કેડે ખેસ બાંધીને બિંદુ ભગત ઊભા રહેતા, ત્યારે તેમની અદા ઉપર રસિક જનતા ફીદા થઈ જતી હતી. ફિલ્મી ધૂનો ઉપર ગરબા ગવડાવવાની બિંદુ ભગતની અંગભંગિમાઓ પર ખેલૈયાઓ આફરીન થઈને મોટી પોળમાં ગરબે ઘૂમતા હતા.નટુભગતના લાંબા વાંકડિયા વાળ અને ગરબા ગાતી વખતે તેમના વાળ ઉછળવાની સિગ્નેચર સ્ટાઈલ લોકોને ખૂબ પસંદ આવતી. મામુનાયકની પોળ, પાડા પોળ, વેરાઈવાડાની પોળ, ઘી કાંટા કાલુપુર શાહપૂર અસારવાના ગરબા પ્રખ્યાત હતા.

?આ બધા ગરબા ક્યારેક વહેલી પરોઢ સુધી ચાલતા અને જો કોઈ દાતા મળી જાય તો લ્હાણી પણ થતી., મોડે સુધી ગરબા ગાઈને યુવક-યુવતીઓ નાસ્તા-પાણી માટે માણેકચોક અને રાયપુર દરવાજા બહારની ખાણીપીણીની લારીઓ ઉપર ત્રાટકતાં. ફાફડા, ગાંઠિયા, પાઉંભાજી અને ભેળપૂરીથી લઈને આઈસક્રીમ અને કુલ્ફી સુધીની વાનગીઓને આરોગતા હતા. અસારવાના ગરબા એટલા મોટા થતા કે એક રાઉન્ડ પૂરો કરતા કલાક લાગતો હતો

?આજે નામંકિત કલાકારો અને મોંઘાશાટ પાર્ટી તથા ક્લબ કલ્ચરમાં જતી વખતે પણ એક પણ પૈસાના ખર્ચ વગરના પોળના એ ગરબાની આત્મીયતા, હૂંફ અને નિકટ પરિચય આ સૌની જાણે ખોટ ચાલે છેએમ સહુ કોઈને લાગે છે.

--વસંત મહેતા (દાદુ)

કાળી રાત પછી સફેદ સવાર, અને સફેદ સવાર પછી સિદ્ધિની પ્રાપ્તિ

આઠમ અને નોમનું સંગમ પર્વ : મહાગૌરીથી માઁ સિદ્ધિદાત્રી સુધીની યાત્રા

સાતમા નોરતે આપણે માઁ કાલરાત્રિ નું ભયાનક રૂપ જોયું. કાળા વસ્ત્રો, વિખરાયેલા વાળ, અગ્નિ જેવી આંખો,ગધેડા પર સવાર એવું ઉગ્ર સ્વરૂપ. જીવનમાં જ્યારે દુઃખ, અપમાન, નિષ્ફળતા, રોગ અને દુશ્મનોની કાળી રાત આવે ત્યારે આપણને લાગે કે હવે બધું ખતમ થઈ ગયું, હવે અજવાળું ક્યારેય નહીં આવે.પણ શાસ્ત્ર કહે છે-ના, કાળી રાત એ અંત નથી, તેની પછી જ ઉજળી સવારની શરૂઆત છે. સાતમાનોરતાની કાળી રાત પછી જ આઠમા નોરતાની સફેદ સવાર આવે છે અને તે સવારનું નામ છે માઁ મહા ગૌરી. નવદુર્ગા માઁ આઠમું સ્વરૂપ એ સૌથી પવિત્ર,સૌથી શાંત અને સૌથી વધુ પાપનાશિની માનવામાં આવે છે

મહાગૌરી એટલે શું? મહા એટલે મહાન અને ગૌરી એટલે જેનું શરીર ગૌર એટલે કે અત્યંત ગોરું,ઉજળું, ચંદ્ર જેવું,શંખ જેવું હોય. કહેવાય છેકે માઁ એ કાલરાત્રિ રૂપમાં રક્ત બીજ અને શુંભ-નિશુંભ જેવા રાક્ષસોને માર્યા પછી તેમના લોહી થી તેમનું શરીર કાળું પડી ગયું હતું, તેમના વસ્ત્રો મેલા થઈ ગયા હતા. ત્યારે ભગવાન શિવે કહ્યું હે દેવી, તમે ગંગામાં સ્નાન કરીને તમારા કાળા વસ્ત્રો ત્યજી દો. માઁ એ હિમાલયની ગંગામાં સ્નાન કર્યું અને તેમનું શરીર વીજળીની જેમ,ચાંદની ની જેમ ચમકવા લાગ્યું. ત્યારથી તેઓ મહાગૌરી કહેવાયા.આઠમું નોરતું એ જ સ્નાનનો દિવસ છે.જે ભક્ત પોતાના જીવનમાંઘણા પાપ, ઘણી ભૂલો, ઘણા દુઃખ, ઘણા કલંક જોઈ ચૂક્યો હોય,જેને લાગતું હોય કે હું હવે ક્યારેય શુદ્ધ નહી થઈ શકું,તે આ દિવસે માઁ મહાગૌરીની પૂજા કરે તો તે ગંગામાં નાહ્યા જેટલો પવિત્ર થઈ જાય છે. તેનું જીવન ફરી ઉજળું થઈ જાય છે તેના બધા કલંક ધોવાઈ જાય છે. આથી જ આઠમને પાપ-નાશિની અષ્ટમી પણ કહે છે.અને આ જ દિવસે કચ્છ-ગુજરાત માઁ માતાજીને પલ્લીનો નૈવેદ્ય ચડાવવાની મહા પરંપરા છે.પરંતુ વાત અહીં પૂરી થતી નથી. જો આઠમ શુદ્ધિ છે,તો નવમ સિદ્ધિ છે. શુદ્ધિ વગર સિદ્ધિ મળતી નથી. આથી જ અહીં આપણે આઠમની સાથે નવમા નોરતાનો મહિમા પણ સમજીશું.

માઁ મહાગૌરી કોણ છે?તપ અને ધીરજની દેવી માઁ મહાગૌરીની કથા દરેક દીકરીને શીખવા જેવી છે. પાર્વતીજીએ ભગવાન શિવને પતિ તરીકે મેળવવા માટે ઘોર તપ કર્યું. નારદજીએ કહ્યું હતું કે તને શિવ જેવો પતિ મળશે, પણ તેના માટે તપ કરવું પડશે. પાર્વતીજીએ મહેલના સુખ-વૈભવ છોડી દીધા અને જંગલમાં તપ શરૂ કર્યું.

વર્ષો સુધી તેમણે માત્ર સૂકા પાંદડા અને કંદમૂળ ખાઈને તપ કર્યું,પછી પાંદડા પણ છોડી દીધા,તેથી તેમનું એક નામ અપર્ણા પણ પડ્યું. અંતે અન્ન-જળ બધું છોડી દીધું. શરીર પર ધૂળ જામી ગઈ,શરીર કાળું પડી ગયું, પણ તેમણે તપ ન છોડ્યું. તેમના તપથી બ્રહ્માજીએ વરદાન આપ્યું કે તમને શિવ જ પતિ તરીકે મળશે. ત્યારબાદ શિવે ગંગાજળથી પાર્વતીજીને સ્નાન કરાવ્યું અને તેઓ સોળ વર્ષની કન્યા જેવા ગૌર થઈ ગયા.

આ કથા શીખવે છે કે જો જીવનમાં કંઈ પામવું હોય તો તપ કરવું પડે. તપ એટલે સહનશીલતા, ધીરજ, મહેનત.આજની પેઢીને તરત જ બધું જોઈએ છે,પણ માઁ કહે છે - તપ વગર ગૌરતા ન મળે.

માઁ નું સ્વરૂપ અને આધ્યાત્મિક વિજ્ઞાન માઁ મહાગૌરીના વસ્ત્રો શ્વેત છે, વાહન વૃષભ એટલે બળદ છે. ચાર હાથમાં ત્રિશૂળ,ડમરું,અભય અને વરદ મુદ્રા છે.શ્વેત રંગ શાંતિ, પવિત્રતા અને માફીનો પ્રતીક છે. જે માફ કરતા શીખે છે તેનું મન મહા ગૌરી જેવું શ્વેત થાય છે. વૃષભ એટલે ધર્મ, એટલે માં ધર્મ પર સવાર છે.

યોગશાસ્ત્ર મુજબ આઠમા નોરતે અનાહત ચક્ર એટલે કે હૃદયનું ચક્ર શુદ્ધ થાય છે.જ્યાં પ્રેમ અને કરુણા છે.આથી જ આઠમને કન્યા પૂજન નો સૌથી મોટો દિવસ માનવામાં આવે છે.આઠ કુંવારી કન્યાઓને ભોજન કરાવવું એ સાક્ષાત મહા ગૌરીની પૂજા છે.

નવમું નોરતું :માઁ સિદ્ધિદાત્રી -જ્યાં શુદ્ધિ સિદ્ધિમાં બદલાય છે હવે આઠમ પછી નવમા નોરતાનોમહિમા સમજો. માઁ સિદ્ધિદાત્રીએ નવદુર્ગાનું નવમું અને અંતિમ સ્વરૂપ છે.

સિદ્ધિ એટલે સફળતા, પ્રાપ્તિ, પૂર્ણતા.શાસ્ત્રમાં આઠ પ્રકારની સિદ્ધિઓ છે-અણિમા,મહિમા, ગરિમા,લઘિમા,પ્રાપ્તિ,પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ.નાના બનવાની શક્તિથી લઈને બધાને વશ કરવાની શક્તિ સુધીની બધી જ સિદ્ધિઓ આપનારી એક જ દેવી છે-માઁ સિદ્ધિદાત્રી.કહેવાય છે કે ભગવાન શિવને પણ સિદ્ધિઓ માઁ સિદ્ધિ દાત્રી પાસેથી જ મળી હતી, ત્યાર થી શિવ અર્ધનારીશ્વર બન્યા. તેમના અડધા શરીરમાં દેવી વસી ગયા. આનો અર્થ એ કે પુરુષ ક્યારેય પૂર્ણ નથી, જ્યાં સુધી તેની અંદર સ્ત્રીની શક્તિ,કરુણા નઆવે.

માઁ સિદ્ધિદાત્રી કમળ પર બિરાજ માન છે,ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને કમળ છે. તે કમળ એટલા માટે કે કમળ કાદવમાં ઉગે છે પણ કાદવ થી અલિપ્ત રહે છે.જે વ્યક્તિ સંસારમાં રહીને પણ અલિપ્ત રહેછે તેને જ સિદ્ધિ મળે છે.

નવમા નોરતે સાધકનું સહસ્ત્રાર ચક્ર પૂર્ણ ખીલી જાય છે. તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જે વિદ્યાર્થીઓ ભણે છે, જે લોકો નોકરી માટે પ્રયત્ન કરે છે, જે સાધકો સાધના કરે છે, તેમના માટે નવમું નોરતું એ સૌથી મોટો દિવસ છે.

આઠમ અને નોમનો સંબંધ અન્નથી સિદ્ધિ સુધીની યાત્રા આઠમ અને નોમ ક્યારેય અલગ નથી. આઠમ એ અન્નપૂર્ણા છે અને નોમએ સિદ્ધિદાત્રી છે.

જુઓ ક્રમ-સાતમે આપણે ડરને માર્યો, આઠમે આપણે શુદ્ધ થયા અને માઁને પલ્લી ધરાવીને કહ્યું -માઁ મારા ઘરનું અન્ન પૂરું ન થવા દેતી, અને જેવું અન્નનું સુખ મળે કે તરત જ માણસને બીજી સિદ્ધિઓ જોઈએ.તો માઁ કહે છે-નવમે આવ, હું તને બધી સિદ્ધિ આપીશ.આથી જ ઘણા ઘરોમાં આઠમની પલ્લી પછી નવમે હવન થાય છે. પલ્લી એટલે અન્નની સિદ્ધિ અને હવન એટલે આત્માની સિદ્ધિ.

૨૦૨૬ની તિથિ નિવેદ અને હવનનું સાચું મુહૂર્ત આ વર્ષે આઠમની તિથિ બે દિવસ ફેલાયેલી છે,જેનાથી ભક્તોમાં મૂંઝવણ છે.

તિથિની શરૂઆત ગઈકાલે રવિવાર, ૧૮/૧૦/૨૦૨૬ સવારે ૮૫૨૭ વાગ્યે★તિથિની સમાપ્તિ :આજે સોમવાર, ૧૯/૧૦/૨૦૨૬ સવારે ૧૦.૫૧ વાગ્યે.માતાજીનું નિવેદ (પલ્લી) રવિવાર,૧૮મી ઓક્ટોબર ની રાત્રે પોતાની કુટુંબ-પરંપરા મુજબ નિવેદ કરી શકાય છે. કારણ કે રાત્રે આઠમની તિથિ જ હોય છે. ગુજરાતી પરિવારોમાં રાત્રે જ પલ્લી ધરાવવાની પરંપરા છે તો તે રવિવાર ની રાત્રે જ કરવું ઉત્તમ રહેશે.

માતાજીનો હવનઃમહાષ્ટમીની ઉદય તિથિ સોમવાર,૧૯ ઓક્ટોબરના રોજ હોવાથી,આઠમની તિથિમાં હવન કરવાની પરંપરા હોય તો સવારે ૧૦.૫૧ પહેલા હવન પૂરો કરવો. ત્યારબાદ ૧૦.૫૧ પછી નોમની તિથિ શરૂ થાય છે,તો નોમનો હવન અને સિદ્ધિદાત્રીની પૂજા તે પછી કરી શકાય.

દરેક કુટુંબની પરંપરા અલગ હોય છે,તેથી તમારા સ્થાનિક શાસ્ત્રીજીનું માર્ગદર્શન જરૂર લેવું.કચ્છમાં કહેવત છે.×આઠમે અન્ન અને નોમે ધન×. માતાના મઢમાં આઠમની રાત્રે હજારો પલ્લીઓ ચડે છે અને નવમા નોરતે મહા હવન થાય છે. લોકો માને છે કે આઠમે માં ભંડાર ભરે છે અને નવમે તે ભંડારને ભરેલો રાખવાની બુદ્ધિ એટલે કે સિદ્ધિ આપે છે.

આઠમેઃસફેદ કે ગુલાબી વસ્ત્ર પહેરો નારિયેળ અને ખીરનો ભોગ ધરાવો. મંત્ર -×? દેવી મહાગૌ???? નમઃ×. કુંવારી કન્યાઓને ભોજન કરાવો.નવમેઃજાંબલી રંગ પહેરો.માઁ સિદ્ધિ દાત્રીને તલ, ચણા અને કમળગટ્ટા ચડાવો.મંત્ર ×? દેવી સિદ્ધિદા?????? ???×★. આ દિવસે તમારા કામમાં સફળતા માટે પ્રાર્થના કરો અને નવ દિવસના ઉપવાસનું પારણું કરો.

યાદ રાખો,પલ્લીનો થાળ માત્ર માતાજી માટે નથી, તે ગરીબો માટે પણ છે. પલ્લી ચડાવ્યા પછી તે પ્રસાદ ગરીબોને વહેંચજો.

સાતમથી નવમ સુધીની યાત્રા એ આપણા જીવનની જ

આભાર - નિહારીકા રવિયા યાત્રા છે. ડરને મારો,મનને શુદ્ધ કરો, બીજાને અન્ન આપો તો અંતે સિદ્ધિ જરૂર મળશે.

આઠમની પલ્લી વગર નોમની સિદ્ધિ અધૂરી છે અને નોમની સિદ્ધિ વગર આઠમની શુદ્ધિ અધૂરી છે.જય માઁ મહાગૌરી! જય માઁ સિદ્ધિદાત્રી! જય માં આશાપુરા!

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

સિદ્ધપુરની પુષ્પવાટિકા સોસાયટીમાં નવરાત્રી દરમિયાન વેશભૂષા સ્પર્ધા

યોજાઈઃ૭૦થી વધુ લોકોએ ધાર્મિક-સામાજિક પાત્રો ભજવી આકર્ષણ જમાવ્યું








માતાજીની આરતી બાદ યોજાયેલા આ કાર્યક્રમમાં સોસાયટીના ૭૦થી વધુ બાળકો, યુવાનો અને મહિલાઓએ ધાર્મિક, ઐતિહાસિક તેમજ સામાજિક જીવનને લગતા વિવિધ પાત્રો ધારણ કરી ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધા બાદ સહભાગીઓને પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.સિદ્ધપુર શહેર સ્થિત પુષ્પવાટિકા સોસાયટી ખાતે નવરાત્રી મહોત્સવ નિમિત્તે વિશેષ વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત માતાજીની આરતી સાથે થઈ હતી, ત્યારબાદ સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં નાના બાળકોથી લઈને મોટેરાઓ મળી કુલ ૭૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સ્પર્ધકો દ્વારા અંબાજી, મહાકાલી, સરસ્વતી, સીતા-રામ, ભગવાન શંકર, કૃષ્ણ ભગવાન, રામદેવપીર, ભીષ્મ પિતામહ જેવા ધાર્મિક અને પૌરાણિક પાત્રો રજૂ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત પોલીસ, સિપાઈ, પશુપાલક, રબારી, ફૂલવાળો અને સાધુ જેવા વ્યવસાયલક્ષી તેમજ સામાજિક જીવનને દર્શાવતા વિવિધ પાત્રોની વેશભૂષા પણ રજૂ કરવામાં આવી હતી.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG : 412
વિષય : નવરાત્રી શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : દીપથી દીપ પ્રગટે, સંસ્કૃતિ અખંડ રહે.
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૨૭

''આજનો ચાંદલિયો મને લાગે બહુ વ્હાલો.."

ગરબાના આ મધુરા શબ્દો કાનમાં પડે ત્યારે જાણે સ્મૃતિઓનું આકાશ ઝળહળી ઊઠે છે. ક્યારેક આ જ તાલે યુવાન હૈયાં થનગનયાં હશે, જીવનસાથીનો હાથ પકડીને ગરબે ઘૂમ્યાં હશે અને સંતાનોને ખોળામાં લઈને માતાજીની આરતી ઉતારી હશે. સમય વીતે છે, ચહેરા પર ઉંમરની રેખાઓ ઊતરે છે, પણ હૃદયમાં સચવાયેલી યાદોનો ચાંદલિયો એવો જ વહાલો લાગે છે.

નવરાત્રી એટલે માત્ર નવ રાતનો ઉત્સવ નહીં, પરંતુ શ્રદ્ધા, શક્તિ અને સંસ્કારનો સંગમ. માટીના ગરબામાં પ્રગટેલો દીપ આપણને શીખવે છે કે અંધકાર ગમે તેવો હોય, પ્રકાશની એક નાનકડી જ્યોત તેને પડકારી શકે છે. ગરબાનું ગોળાકાર વર્તુળ પણ જાણે કહે છે કે સમય બદલાય, પેઢીઓ બદલાય, પરંતુ સંસ્કૃતિનું કેન્દ્ર અડગ રહેવું જોઈએ.

માતાજીનાં નવ સ્વરૂપોની આરાધના ત્યારે જ સાર્થક બને, જ્યારે ઘરની દીકરીને આત્મવિશ્વાસ મળે, માતાને સન્માન મળે અને દરેક સ્ત્રીને સ્વતંત્રતાથી જીવવાનો અધિકાર મળે. માતાજીના ચરણોમાં નમતું મસ્તક જો સ્ત્રીના સ્વાભિમાન સામે નમે, તો જ ભક્તિ જીવનમાં ઊતરે છે.

આજની નવરાત્રીમાં ઝગમગતી રોશની, રંગબેરંગી વસ્ત્રો અને આધુનિક સંગીત છે. આ બદલાવ ઉત્સવને નવો રંગ આપે છે, પરંતુ તેની મૂળ ભાવના—ભક્તિ, એકતા સાચવવી પણ એટલી જ જરૂરી છે. નવી પેઢીને ગરબાનાં પગલાં શીખવવાની સાથે તેની પાછળ રહેલા સંસ્કારનો અર્થ સમજાવીએ, કારણ કે વારસો સંપત્તિથી નહીં, સંસ્કારથી સમૃદ્ધ બને છે.

સંસ્કૃતિ વડીલોનાં અનુભવોમાં, દાદીનાં લોકગીતોમાં, માતાની આરતીમાં અને બાળકોના નિર્દોષ પ્રશ્નોમાં જીવંત રહે છે. એક પેઢી બીજી પેઢીને જ્યારે પ્રેમ, માનવતા અને પરંપરાનો દીપ સોંપે છે, ત્યારે જ સંસ્કૃતિની જ્યોત અખંડ રહે છે.

નવ રાતો પૂરી થશે, ચોક ખાલી થશે અને ઢોલના તાલ શાંત પડશે. છતાં જો હૃદયમાં શ્રદ્ધા અને જીવનમાં સંસ્કાર જીવંત રહેશે, તો નવરાત્રીનો સાચો ઉજાસ જળવાઈ રહેશે.

''આજનો ચાંદલિયો મને લાગે બહુ વ્હાલોપ''

આ ચાંદલિયો માત્ર આકાશનો ચંદ્ર નથી; એ આપણી યાદો, સંબંધો અને સંસ્કારોનો ઉજાસ છે. ગરબાની રાતો પૂરી થાય, છતાં આ ઉજાસ ઓસરે નહીં—દીપથી દીપ પ્રગટે, પેઢીથી પેઢી સંસ્કાર વહે અને આપણી સંસ્કૃતિ અખંડ રહે.

સાચી નવરાત્રી એ જ, જે નવ રાત નહીં, આખી જિંદગી હૃદયને અજવાળે.
હર્ષિદા સુરતવાલા (મુંબઈ)

પાટણ અને બનાસકાંઠાના રણ વિસ્તારમાં ગેરકાયદે મીઠાના અગર પર ટ્રૂની લાલ આંખઃ દબાણ દૂર કરવા તંત્રને ૬ મહિનાનું અલ્ટીમેટમ

પાટણ અને બનાસકાંઠામાં લૂણી નદીના પટ અને ઈકો-સેન્સિટિવ ઝોનમાં ચાલતા ગેરકાયદેસર મીઠાના અગર અને દબાણો તાત્કાલિક ખાલી કરાવવા નિર્દેશનેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (ટ્રૂ)ની પશ્ચિમ ઝોન બેન્ચ, પુણે દ્વારા અરજદાર કનૈયાલાલ વિજયશંકર રાજગોર દ્વારા દાખલ કરવામાં આવેલી પીટીશન પર સુનાવણી હાથ ધરતા લૂણી નદીના પટ તથા કચ્છના નાના રણ વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે અત્યંત કડક રૂખ અપનાવવામાં આવ્યો છે. જસ્ટિસ દિનેશ કુમાર સિંહ અને ડૉ. સુજીત કુમાર બાજપેયીની ડિવિઝન બેન્ચે આપેલા આદેશમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઈકો-સેન્સિટિવ ઝોન (ઈજીઢ) વિસ્તારમાં મોટા પાયે પર્યાવરણીય નિયમોના ભંગ અને ગેરકાયદેસર દબાણો થઈ રહ્યા છે.

ટ્રિબ્યુનલ સમક્ષ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (ઁજ્ઞમ), કેન્દ્રીય ભૂજળ સત્તામંડળ (ઝ્યઉછ) અને મહેસૂલ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા સંયુક્ત નિરીક્ષણ અહેવાલમાં અનેક ગંભીર બાબતો સામે આવી છે. અરજદાર દ્વારા દર્શાવવામાં આવેલ સ્થળોની ચકાસણી કરતાં ગેરકાયદેસર રીતે મીઠાના અગર બનાવીને સરકારી જમીનમાં ગેરકાયદેસર રીતે કબજો કરવામાં આવ્યો હોવાનું સ્થળ તપાસમાં સાબિત થયું છે. આ સાથે દબાણકારો દ્વારા સાઇટ પર સક્રિય ઇલેક્ટ્રિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પાવર કનેક્શન મેળવવામાં આવ્યા છે, અને કેન્દ્રીય ભૂજળ સત્તામંડળના પ્રતિનિધિએ પુષ્ટિ કરી છે કે ખારા તથા બ્રેકીશ ગ્રાઉન્ડવોટર ખેંચવા માટે મુકાયેલા આ બોરવેલ અને ઇલેક્ટ્રિક પંપો માટે કોઈપણ પ્રકારનું 'ઁજ્ઞક' મેળવવામાં આવ્યું નથી.

?પાટણ અને બનાસકાંઠાની હદને અડીને આવેલા રણ વિસ્તારમાં ઈકો-સેન્સિટિવ ઝોન અને લૂણી નદીના કુદરતી ડ્રેનેજ બેડમાં કાદવ-કિચડ અને માર્શલેન્ડને કારણે રસ્તા બંધ હોવાથી ડ્રોન કેમેરા દ્વારા એરિયલ સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં નદીના પટમાં ઊંડા ગેરકાયદેસર ખાડા ખોદાયેલા હોવાનું અને માટીકામ કરીને કુદરતી પ્રવાહને અવરોધતા બંધારા કે માળખાં બનાવવામાં આવ્યા હોવાનું



જણાયું છે, જે હજુ સુધી હટાવવામાં આવ્યા નથી.

?આ બાબતે અરજદારે જણાવ્યું હતું કે પ્રકૃતિના હીતમાં અમોએ એન.જી.ટી માં પીટીશન કરી હતી, જે બાબતે નામદાર કોર્ટે વિષયની ગંભીરતા ધ્યાને લઈ છ મહીનામાં ગેરકાયદેસર કબજાઓ ખાલી કરાવીને ગુનેગારો ઉપર કાયદાકીય કાર્યવાહી કરી કોર્ટમાં રીપોર્ટ જમા કરાવવાનો કલેક્ટરશ્રી પાટણ અને બનાસકાંઠાને આદેશ આપ્યો છે. જો આ આદેશનું ઉલ્લંઘન થશે તો આગળની અમારી ન્યાયિક લડત ચાલુ રહેશે.

?દબાણ દૂર થશે કે માત્ર કાગળ પર જ રહેશે આદેશ?

?આ બોક્સઃ વર્ષોથી લૂણી નદીના પટ અને ઈકો-સેન્સિટિવ ઝોનમાં ચાલતા ગેરકાયદેસર દબાણો અને મીઠાના અગરને દૂર કરવા સ્થાનિક કક્ષાએ અનેક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા મામલો માત્ર ટલ્લે જ ચડાવવામાં આવતો હતો. હવે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (ટ્રૂ)ના આ કડક આદેશ બાદ પાટણ અને બનાસકાંઠાનું વહીવટી તંત્ર સફાળું જાગીને કોઈ નક્કર અને કડક કાર્યવાહી કરે છે કે કેમ, તે જોવું રહ્યું.

કુળદેવી નુ મહત્વ



ભારત વર્ષ ની પરંપરા રહિ છે કે ભારતીય સંસ્કૃતિ મુજબ લોકો ના કુળ, ગોત્ર, કુળદેવી, સુરાપુરા, સુરધન, ભૈરવ, થાપા ના દેવી દેવતા, ઈષ્ટદેવતા, કુળગોર, રિવાજો, નિવેધ પદ્ધતિઓ, ગુરુ, મંત્ર ભિન્ન ભિન્ન હોય છે.
દેશ મા અલગ અલગ જગ્યાએ નૈવેદ્ય, બલી પ્રથા પણ વિભિન્ન રહે છે.
આપણા દેશ ના ગરિમામય અને અનોખા વ્યક્તિ વિશેષ એટલે દેશ ના કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ.
ગોકળચંદ શેઠ ના આ પૌત્ર રત્ન ને બાળપણ થી અનેક સંસ્કારો પ્રાપ્ત થયા છે જેમા માતાજી ની ભક્તિ પણ દિવ્ય રીતે મળેલી છે.
પેઢીને ઘ્યાને લઈ ને એમના વતન માણસા મા માતાજી બાલા બહુચર નો કૌટુંબિક પરંપરા નો ગરબી મઢ આવેલો છે.
સમય સંજોગો અનુસાર વિકાસ ની પરંપરા મુજબ અમિતભાઈ શાહ દ્વારા એક દિવ્ય મોટા મંદિર તેમજ પોતાના માતૃશ્રી કુસુમ બા અનક્ષેત્ર વતન માણસા મા બનાવવામાં આવેલ છે.
જલારામ પરંપરા મુજબ અનક્ષેત્ર મા લોકો ભોજન પ્રસાદ ગ્રહણ કરે છે.
જેના કુળ ની દેવી જ બાલા બહુચર હોય તેના કુળદિપક અમિતભાઈ શાહ જેવા હોય અને કુટુંબ ના તમામ બાળકો સ્વસ્થ, સુખી, તંદુરસ્ત અને સમૃદ્ધ હોય તે સ્વાભાવિક છે.
અમિતભાઈ શાહ ના પુત્ર રત્ન જયભાઈ શાહ પણ પોતાના પિતાજી ના વલણો નુ અનુગમન કરનાર અને અમિતભાઈ શાહ જેટલા જ માતાજી ની ભક્તિ ધરાવે છે. દુનિયા ની ક્રિકેટ દુનિયા ની મોટી હસ્તી એટલે જયભાઈ શાહ.
પોતે સ્વભાવે ખૂબ સંવેદનશીલ અને માયાળુ તેમજ દાનવીર પણ છે. મોર ના ઈંડા ને ચીતરવા ના ન હોય પણ એ ચિતરેલા જ હોય અને એમા થી મોર જ બને તેમ અમિતભાઈ શાહ જેટલા જ પાવરફુલ તેમજ લોક ચાહના ધરાવે છે જેનો લેખક ને પ્રત્યક્ષ અનુભવ થયો છે.
આસો મહિના ની દર નવરાત્રી તેમજ વારંવાર અમિતભાઈ શાહ સહ પરિવાર કુળદેવી માતાજી દર્શને પધારે છે તે જ રીતે આજ રોજ માતાજી ની પૂજા અર્ચના કરી ને માતાજી ને પ્રસન્ન કરી ને ગામ ને પણ ભાવ ભક્તિ શીખવાડનાર પરમ વૈષ્ણવ અને ભગવદિય મહાપુરુષ એટલે ભારત વર્ષ ના વર્તમાન કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ.
દરેક શક્તિપીઠ ની માફક અહિં કુળદેવી પાસે એક શ્રી યંત્ર પણ ચાંદી ના સિંહાસન ઉપર સાહેબે સ્થાપિત કરાવેલ છે.
માતાજી હાજરા હજુર તેમજ ભક્તો ની મનોકામના પુરી કરે છે જે તેના સત નો પુરાવો પણ મોજુદ છે.
અહેવાલ
અતુલકુમાર અઢિયા

વડોદરાઃ ગરબામાં પરિવાર સાથે ગયેલી યુવતીના ઘરે જઇ પ્રેમીનો હંગામો

વડોદરામાં નવરાત્રિ દરમિયાન એક યુવતીના ઘરે પ્રેમીએ હોબાળો મચાવ્યો હતો. ઈન્સ્ટાગ્રામથી પરિચયમાં આવેલા યુગલ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવકની આર્થિક સ્થિતિ નબળી હોવાથી પરિવારે લગ્નનો ઇનકાર કર્યો. આ ઘટનાથી યુવતી ડિપ્રેશનમાં સરી પડી હતી, પરંતુ કાઉન્સિલિંગ બાદ તેને પોતાની ભૂલ સમજાઈ. પરિવારે સામાજિક રીતે બેસીને આગળનો નિર્ણય લેવાનું નક્કી કર્યું.નવરાત્રિના દરમિયાન એક ચિંતાજનક કિસ્સો સામે આવ્યો છે. પરિવાર સાથે ગરબા રમવા ગયેલી યુવતીના ઘરે જઈ પ્રેમીએ હોબાળો મચાવ્યો હતો.



ત્યારબાદ તેણે પરિવાર સાથે વાતો કરવાનું બંધ કરી દીધું હતું.
બનાવની વિગત એવી છે કે, યુવતી બે વર્ષ પહેલાં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી આ યુવકના સંપર્કમાં આવી હતી, જે બાદ બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. યુવતી માતા-પિતાની મરજી વિરૂદ્ધ આ યુવક સાથે લગ્ન કરવા તૈયાર હતી અને પરિવારની કોઈ વાત સાંભળતી નહતી. અવારનવાર રાત્રે મળવા જવું અને માતા-પિતા ટોકે તો આત્મહત્યા કરવાની ધમકી આપતી હતી. જેથી, યુવતીના પરિવારે સામેથી યુવકના ઘરે લગ્નની વાત ચલાવી હતી. પરંતુ, યુવક કોઈ કમાણી કરતો નહતો તેમજ આથક સ્થિતિ સારી નહીં હોવાથી યુવકના પરિવારે પણ આ લગ્નનો ઇનકાર કર્યો હતો.
નવરાત્રિમાં પરિવાર સાથે ગરબા રમવા ગયેલી યુવતીના ઘરે જઇ પ્રેમીએ હંગામો કરતા યુવતી ડિપ્રેશનમાં સરી પડી હતી. કાઉન્સિલિંગના પરિણામે યુવતીને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો અને તેણે પરિવારની વાત સ્વીકારી લીધી હતી.

સૌરાષ્ટ્રના પેરિસના છેલ્લા દીવા પ્રજા વાત્સલ્ય મોરબીના રાજ માતા સ્વ. વિજયરાજ કુંવરબા

રાજા તો ઘણા થયા, પણ માઁ જેવા રાજા કોઈક જ થાય મોરબીને લોકો પ્રેમથી સૌરાષ્ટ્રનું પેરિસ કહે છે. આ ઉપમા અમથી નથી મળી. પહોળા રસ્તા, નમૂનેદાર બજાર, ઝૂલતો પુલ, મણિમંદિર, નવા દરબારગઢની ઘડિયાળ,લખધીરજી એન્જિનિય રિંગ કોલેજ - આ બધું બનાવ્યું મોરબીના જાડેજા રાજવીઓએ. મહારાજા લખધીરજીએ મોરબીને આધુનિક બનાવ્યું.પણ મકાન બનાવવું સહેલું છે, માણસ બનાવવું અઘરું છે. મોરબીના ઈતિહાસમાં એક નામ એવું છે જેને પ્રજાએ ક્યારેય મહારાણી તરીકે નહી, પણ માં તરીકે જોયું. તે નામ છે રાજમાતા મહારાણી વિજયરાજ કુંવરબા સાહેબ.જેમનું ૯૭ વર્ષની જૈફ વયે તારીખ ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયું, અને આખું મોરબી રડી પડ્યું.સમાચાર વાયુવેગે ફેલાયા અને આખા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું. મુંબઈથી તેમનો પાર્થિવ દેહ ચાર્ટર પ્લેન મારફતે રાજકોટ થઈને મોરબીના નવા પેલેસમાં લાવવામાં આવ્યો,જ્યાં ગઈકાલે રવિવાર સવારે ૭.૩૦ થી ૧૦ વાગ્યા સુધી અંતિમ દર્શન રાખવામાં આવ્યા અને રાજવી પરંપરા મુજબ અંતિમ સંસ્કાર થયા.

આઝાદીના ૭૮ વર્ષ પછી પણ કોઈ રાજમાતાના નિધન પર આખું શહેર શોકમાં ડૂબી જાય, દુકાનો બંધ થઈ જાય, રાજકીય પક્ષોના ભેદ ભૂલાઈ જાય, લોકોની આંખો ભીની થઈ જાય,તે જ તેમના પ્રજા વાત્સલ્યની સૌથી મોટી સાબિતી છે. આજના નેતાઓ ખુરશી માટે લડે છે, ત્યારે આ રાણી ૭૮ વર્ષ સત્તા વગર પણ પ્રજાના દિલ પર રાજ કરતા રહ્યા.

કોણ હતા રાજમાતા વિજયરાજ કુંવરબા? એક સદીની સાક્ષી

વિજયરાજ કુંવરબા એ મોરબીના છેલ્લા શાસક મહારાજા મહેન્દ્રસિંહ જી જાડેજાના ધર્મપત્ની હતા. મહેન્દ્રસિંહજી એ મોરબીના મહારાજા લખધીરજીના પુત્ર હતા. ૧૯૪૮ માં મોરબી રાજ્ય ભારત સંઘમાં ભળી ગયું, રાજપાટ ગયું, સત્તા ગઈ, તોપોની સલામી ગઈ, પણ પ્રજાનો પ્રેમ ન ગયો.



૧૯૨૯ માં જન્મેલા વિજયરાજ કુંવરબાએ લગભગ એક સદી જોઈ. તેમણે બ્રિટિશ રાજ જોયું, બીજું વિશ્વયુદ્ધ જોયું, આઝાદીની ચળવળ જોઈ,૧૯૪૭ ની આઝાદી જોઈ, રજવાડાનું વિલીનીકરણ જોયું,૧૯૭૯ની મચ્છુ ડેમ હોનારત જોઈ જેમાં હજારો લોકો વહી ગયા, અને ૨૦૨૨ ની ઝૂલતા પુલની દુર્ઘટના પણ જોઈ. દરેક દુઃખમાં તેઓ મોરબીની સાથે ઉભા રહ્યા.

તેઓ ક્યારેય મુંબઈના મોટા બંગલામાં કાયમ ન રહ્યા. તેમનું મન તો મોરબીમાં જ હતું. દરબારગઢના નવા પેલેસમાં તેમનો એક ઓરડો હંમેશા તૈયાર રહેતો. કોઈ પણ ગરીબ માણસ સવારે આવીને કહે કે મારે બા ને મળવું છે, તો ક્યારેય ના નહોતી. લોકો આજે પણ કહે છે - રાજમાતા ક્યારેય કોઈને ખાલી હાથે પાછા મોકલતા નહીં. કોઈ ગરીબ દીકરીના લગ્ન હોય, કોઈ વિદ્યાર્થીને ફી ભરવી હોય, કોઈ બીમારને દવા જોઈતી હોય, તો દરબારના દરવાજા હંમેશા ખુલ્લા હતા.

પ્રજા વાત્સલ્યના ચાર પ્રસંગો જે મોરબી ક્યારેય નહીં ભૂલે

૧૯૭૯ની મચ્છુ હોનારત - જ્યારે રાજમાતા રડ્યા હતાઃ૧૧ ઓગસ્ટ ૧૯૭૯ એ મોરબીના ઈતિહાસનો સૌથી કાળો દિવસ. મચ્છુ-૨ ડેમ તૂટ્યો અને આખું મોરબી પાણીમાં ડૂબી ગયું. હજારો લોકો મરી ગયા. સરકારી તંત્ર ખોરવાઈ ગયું હતું. ત્યારે મહારાજા મહેન્દ્રસિંહજી અને મહારાણી વિજયરાજ કુંવરબાએ પોતાના મહેલના દરવાજા ખોલી નાખ્યા. પેલેસમાં રસોડા શરૂ થયા, અસરગ્રસ્તોને આશરો આપ્યો. રાજમાતા પોતે જાતે રસોડામાં જઈને લોકોને જમાડતા હતા, એ દ્રશ્ય આજે પણ વડીલો યાદ કરે છે.

૨૦૨૨ નો ઝૂલતો પુલ અકસ્માત - છેલ્લી મોટી સંવેદનાઃ★

૩૦મી ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ જ્યારે મોરબીનો ઐતિહાસિક ઝૂલતો પુલ તૂટ્યો અને ૧૩૫ નિર્દોષ લોકો, જેમાં ઘણા બાળકો હતા, તેમના જીવ ગયા, ત્યારે આખો દેશ સ્તબ્ધ થઈ ગયો હતો. ત્યારે સૌથી પહેલો સંવેદનાનો સંદેશો રાજમાતા વિજયરાજ કુંવરબાના કાર્યાલયમાં થી આવ્યો હતો. તેમણે કહ્યું હતું - ×આ દુર્ઘટના અત્યંત પીડાદાયક છે, અમે તમારા જ છીએ.× અને તરત જ તેમના પરિવારે મૃતકોના પરિવારોને ૧-૧ લાખની સહાય જાહેર કરી. તેમની દીકરી મીરાબા સાહેબ તરત જ મુંબઈથી મોરબી દોડી આવ્યા હતા અને દરેક ઘરે જઈને આશ્વાસન આપ્યું હતું. તે સમયે સરકાર હતી, તંત્ર હતું, પણ પ્રજાએ રાજમાતા સામે જોઈને જ હિંમત મેળવી હતી.

શિક્ષણ અને દીકરીઓ માટેનો પ્રેમઃમોરબી આજે સિરામિક કેપિટલ છે, પણ તેનો પાયો શિક્ષણ છે. લખધીરજી મહારાજે શાળાઓ બનાવી અને વિજયરાજ કુંવરબાએ તે શાળાઓમાં દીકરીઓને ભણાવવાનું કામ કર્યું. તેઓ હંમેશા કહેતા - દીકરી ભણશે તો બે કુળ તારશે. તેમણે ઘણી ગરીબ દીકરીઓના ભણતરનો ખર્ચો ઉપાડ્યો હતો, ક્યારેય નામ આપ્યા વગર.

રાજકારણથી દૂર, સેવાની નજીકઃ

રાજવી પરિવારની વરિષ્ઠ સભ્ય તરીકે તેઓ ક્યારેય રાજકારણમાં ન આવ્યા, ક્યારેય ચૂંટણી ન લડ્યા, કોઈ પક્ષનો ખેસ ન પહેર્યો. તેમણે કહ્યું હતું - અમારો પક્ષ એટલે મોરબીની પ્રજા. આ જ કારણથી ભાજપ હોય કે કોંગ્રેસ, બધા જ પક્ષોના નેતાઓ તેમને સમાન આદર આપતા હતા.

એક યુગનો અંત અને વડાપ્રધાનની શ્રદ્ધાંજલિ ૯૭ વર્ષની યાત્રા એટલે લગભગ એક સદીની યાત્રા. આ યાત્રામાં તેમણે વૈભવ પણ જોયો અને વિયોગ પણ જોયો.પતિ મહેન્દ્ર સિંહજીના અવસાન પછી પણ તેમણે પરિવારને એક રાખ્યો.

તેમના અવસાન પર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુજરાતીમાં શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે તેમને માત્ર રાજવંશી તરીકે નહીં, પણ એક સેવાભાવી વ્યક્તિ તરીકે યાદ કરવા જોઈએ જેમણે સમાજ માટે ઉમદા કાર્ય કર્યું.

મોરબી ગૌરવ સમાચાર અને મોરબી ન્યુઝ જેવા સ્થાનિક સમાચારપત્રોએ લખ્યું - ×મોરબીને સૌરાષ્ટ્રનું પેરિસ બનાવનાર રાજવી પરિવારમાં નિધન થતા સમગ્ર મોરબીની પ્રજાની આંખો ભીની જોવા મળી રહી છે. પ્રજા વત્સલ રાજવી પરિવાર પ્રત્યે આઝાદીના આટલા વર્ષો બાદ પણ મોરબી વાસીઓમાં સમાન આદરભાવ જોવા મળી રહ્યો છે.×

મહારાણી વગરનો દરબાર★આજે જ્યારે રાજાશાહી ક્યાંય નથી, કાયદામાં રાજા-રાણીનો કોઈ અર્થ નથી, ત્યારે પણ મોરબીની પ્રજા તેમને રાજમાતા કેમ કહેતી હતી? કારણ કે રાજા તે નથી જે રાજ કરે, રાજા તે છે જે પ્રજાને પોતાના બાળક જેવી સાચવે. અંગ્રેજીમાં કહેવત છે કિંગ રૂલ્સ બાય પાવર,કિવિન રૂલ્સ બાય હાર્ટ -વિજયરાજ કુંવરબા તેવા જ પ્રજા વાત્સલ્ય રાણી હતા. તેમણે ક્યારેય કોઈને હુકમ ન કર્યો, હંમેશા વિનંતી કરી. તેમણે ક્યારેય કોઈને તું કહ્યું નહીં, હંમેશા તમે કહ્યું.મોરબીનો ઝૂલતો પુલ ફરી બનશે, નવા કારખાના બનશે, નવા રસ્તા બનશે, પણ પ્રજાની આ માઁ જેવી રાણી ફરી નહીં મળે. તેમના જવાથી મોરબીના દરબારગઢની એક દીવાલ ખાલી નથી થઈ,પણ આખા મોરબી નું એક છત્ર ખાલી થયું છે.

રાજમાતા ભલે ગયા,પણ તેમનો પ્રજા વાત્સલ્યનો દીવો હંમેશા બળતો રહેશે.રાજમાતા મહારાણી વિજયરાજ કુંવરબાને કોટી કોટી વંદન. ઓમ શાંતિ. જય મોરબી. ★

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ.બનાસકાંઠા

શ્રદ્ધા, સંસ્કૃતિ અને સમર્પણ... સરખેજના ખરવાડમાં સદી જૂના ગરબાની દિવ્ય ગાથા



ગુજરાતમાં નવરાત્રી એટલે શક્તિ, આરાધના અને ઉત્સાહનો મહાસાગર. રાજ્યના ખૂણે-ખૂણે ગરબાની રમઝટ જામતી હોય છે, પરંતુ અમદાવાદના સરખેજ ગામના ખરવાડ વિસ્તારમાં રમાતા ગરબાની વાત જ કંઈક અનોખી છે. અહીં માત્ર નૃત્ય કે મનોરંજન નથી, પરંતુ વર્ષો જૂની સંસ્કૃતિ, ભક્તિ અને અતૂટ શ્રદ્ધાનો એક અનોખો સંગમ જોવા મળે છે.

સામાન્ય રીતે નવરાત્રીના ગરબા રાત્રે ૮ કે ૯ વાગ્યે શરૂ થઈને મોડામાં મોડા ૧૧ કે ૧૨ વાગ્યે પૂર્ણ થઈ જતા હોય છે, પરંતુ ખરવાડની પરંપરા આથી સાવ અલગ અને રોમાંચક છે. અહીં રાત્રે ૧૧ વાગ્યે ગરબાનો અસલી માહોલ જમે છે, જે સવારે ૪ વાગ્યા સુધી અવિરત ચાલે છે. રાતના અંધકારમાં ઢોલના તાલે થનગનાટ કરતા ખેલૈયાઓ અને સવારના ઉજાસમાં ગવાતા માતાજીના પ્રભાતિયાં સાથે આ ગરબાની પૂર્ણાહુતિ થાય છે. આ દ્રશ્ય કોઈપણ આધ્યાત્મિક સાધનાથી ઓછું નથી લાગતું.

આ અદ્ભુત પરંપરા પાછળનો ઇતિહાસ પણ એટલો જ પ્રેરણાદાયી છે. આજથી આશરે ૧૦૭ વર્ષ પહેલાં 'મણીબા' નામના એક શ્રદ્ધાળુ વૃદ્ધાએ પુનિતપોળમાં પગમાં ઘૂઘરું બાંધીને તબલાના તાલે માં જગદંબાના ગરબા ગાવાની શરૂઆત કરી હતી. તે સમયે તેઓ સુપ્રસિદ્ધ 'લાલ ડંડાવાળા સંઘ' સાથે જોડાયેલા હતા.

સમય વીતતો ગયો તેમ પેઢીઓ બદલાતી ગઈ, પરંતુ મણીબાએ રોપેલું આ ભક્તિનું વૃક્ષ આજે વટવૃક્ષ બની ચૂક્યું છે. હાલમાં ખરવાડ યુવક મિત્ર મંડળ દ્વારા આ ૧૦૩ વર્ષ જૂની પરંપરાને પૂરા ઉત્સાહ અને શિસ્ત સાથે જીવંત રાખવામાં આવી રહી છે. ખાસ કરીને અહીંના સાતમ અને આઠમના ગરબા દેશ-વિદેશ કે અન્ય શહેરોમાં વસતા મૂળ સરખેજના નિવાસીઓને ખેંચી લાવે છે. બહારગામ રહેતા લોકો આ દિવસોમાં પોતાના વતન આવીને અચૂક આ પવિત્ર ગરબામાં ભાગ લે છે.

આજના ડીજે અને આધુનિક લાઈટિંગના યુગમાં પણ ખરવાડના ગરબાએ પોતાની પરંપરાગત ઓળખ જાળવી રાખી છે. અહીં સમય પ્રમાણેના વાજિંત્રો સાથે જ ગરબા ગવાય છે.

સૌથી મોટું આકર્ષણ અહીંનું ડેકોરેશન છે. કોઈ મોટી ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની નહીં, પરંતુ મંડળના યુવાનો અને પોળના રહેવાસીઓ જાતે જ થીમ નક્કી કરે છે અને પોતાના હાથે પ્રોપ્સ બનાવીને શણગાર કરે છે.

ચાલુ વર્ષે મંડળ દ્વારા અદભુત "ગામડું" આધારિત થીમ તૈયાર કરવામાં આવી છે, જે લોકોને ભૂતકાળની મીઠી યાદોમાં તાજી કરાવે છે.

ગ્રામીણ વાતાવરણ સાથે સુંદર ઝૂંપડીઓ અને લાકડાના ખાટલા, જૂના સમયનો વાસ્તવિક કૂવો અને કૂવામાંથી પાણી કાઢવા માટે દોરડા સાથેની ડોલ. માટીની સગડી, વર્ષો પહેલાં વપરાતો હેન્ડલવાળો ટેલિફોન અને જૂના સમયની પાણીની પરબ જેવી અનેક વાસ્તવિક ચીજ-વસ્તુઓનું અદ્ભુત સર્જન કરવામાં આવ્યું છે.

માતાજીની આરાધના એ માત્ર શરીરની કસરત નથી, પણ આત્માની શુદ્ધિ છે. સરખેજના ખરવાડમાં ગરબા રમતી વખતે જે દ્રશ્ય સર્જાય છે તે આપણને આપણી માટી સાથે જોડે છે. ડીજેના કર્કશ અવાજથી દૂર, પરંપરાગત ઢોલ અને તબલાના તાલે ગવાતા ગરબા યુવા પેઢીને પોતાની સંસ્કૃતિના મૂળ સાથે બાંધી રાખવાનું કામ કરે છે.

સવારે જ્યારે ચારેય બાજુ શાંતિ હોય અને અંબાજી કે બહુચરાજીના પ્રભાતિયાંના સૂરો ગુંજે છે, ત્યારે દરેક ખેલૈયા અને દર્શકના મુખ પર એક દિવ્ય સંતોષ જોવા મળે છે. સરખેજનો આ ખરવાડ વિસ્તાર સાબિત કરે છે કે જો શ્રદ્ધા સાચી હોય, તો સમય બદલાવા છતાં પરંપરાઓ ક્યારેય મરતી નથી, પણ વધુ તેજસ્વી બને છે.

"જ્યાં ભક્તિમાં ભાવ છે અને પરંપરામાં દીર્ઘાયુ છે, તેવા સરખેજના ખરવાડના ગરબા આપણી વિરાસતનું અમૂલ્ય ઘરેણું છે, જે આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે."

અમીત ત્રિવેદી (૧૭/૧૦/૨૬)



અમદાવાદમાં ફિટ ઈન્ડિયા- સન્ડેઝ ઑન સાયકલ નીલપમી આવૃત્તિનું સફળ આયોજન; મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલના બાળકોએ વિશ્વ ખાદ્ય દિવસ નિમિત્તે ફિટનેસ અને ઝીરો હંગર' નો સંદેશ આપ્યો

ડુંગરપુરના કારીગરો બનાવશે 30 ફૂટ રાવણઃ રાવણ દહન સાથે આતશબાજીનો ભવ્ય નજારો



નવરાત્રિના નવ દિવસ મા જગદંબાની આરાધના અને ગરબાના રંગે રંગાયા બાદ હવે આવી રહ્યો છે અસત્ય પર સત્યના વિજયનો પર્વ... દશેરા!

અને આ દશેરા પર્વે અરવલ્લી જિલ્લાના મોડાસા નજીક આવેલા સાકરિયા ગામે યોજાશે ભવ્ય રાવણ દહનનો કાર્યક્રમ! ૩૦ ફૂટ ઊંચા રાવણના દહન સાથે રંગબેરંગી આતશબાજી અને આકાશી ફટાકડાઓનો નજારો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.દશેરા એટલે અધર્મ પર ધર્મનો વિજય... અસત્ય પર સત્યનો વિજય! અને આ વિજય પર્વને યાદગાર બનાવવા માટે મોડાસાના સાકરિયા ગામે યુવા ગ્રુપ અને સમસ્ત ગ્રામજનો દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આ વર્ષે સાકરિયા ગામે દશેરાની ઉજવણી કંઈક ખાસ અંદાજમાં થવા જઈ રહી છે. રાજસ્થાનના ડુંગરપુરથી આવતા ખાસ કારીગરો દ્વારા ૩૦ ફૂટ ઊંચા રાવણનું નિર્માણ કરવામાં આવશે. રાવણ દહન સાથે ભવ્ય આતશબાજી અને આકાશી આતશબાજીનો કાર્યક્રમ પણ યોજાશે, જે દશેરાની ઉજવણીમાં ચાર ચાંદ લગાવશે.મહત્વની વાત એ છે કે મોડાસા ખાતે આ વર્ષે રાવણ દહનનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. ત્યારે સાકરિયા ગામના યુવા ગ્રુપ દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની બાજુમાં આવેલા ખુલ્લા મેદાનમાં સાંજે ૬-૦૦ કલાકે યોજાનાર રાવણ દહનના ભવ્ય આયોજન માટે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.સાકરિયા ગામનો આ કાર્યક્રમ માત્ર એક ગામ પૂરતો સીમિત ન રહે, પરંતુ આસપાસના વિસ્તારના લોકો માટે પણ આકર્ષણનું કેન્દ્ર બને તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.મોડાસા સહિત માલપુર, મેઘરજ, ધનસુરા, બાયડ અને શામળાજી સહિતના વિસ્તારોના નાગરિકોને સાકરિયાના ગ્રામજનો દ્વારા આ ભવ્ય રાવણ દહન કાર્યક્રમ નિહાળવા અને આતશબાજીનો નજારો માણવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.તો આ દશેરાએ સાકરિયામાં જોવા મળશે ૩૦ ફૂટ ઊંચા રાવણના દહન સાથે ભવ્ય આતશબાજીનો નજારો! પરિવાર અને મિત્રો સાથે પધારો, દશેરાના પર્વને બનાવો યાદગાર અને સાકરિયાની આ ભવ્ય ઉજવણીના સાક્ષી બનો!

વિજયાદશમી — દશેરા — આસુરી શક્તિ ઊપર દૈવી વિજયનો પૂર્ણવિરામ!

(શક્તિ ભક્તિ ઉપાસક : મહર્ષિ વિપુલ અંબાજીવાલા)

નવરાત્રી એટલે નવ દિવસની સાધના. નવમા નોરતે માં સિદ્ધિદાત્રી સિદ્ધિ આપે, અને દસમા દિવસે આવે વિજય. એ જ વિજયાદશમી, એ જ દશેરા.

આ દિવસને સમજવા બે કથા સમજવી પડે — એક ઉત્તરની, એક દક્ષિણની.

૧. રામ કથા — રાવણ વધઃ મર્યાદા પુરુષોત્તમ રામે નવ દિવસ શક્તિની ઉપાસના કરી. માં દુર્ગાનું આહ્વાન કરીને દસમા દિવસે રાવણ પર વિજય મેળવ્યો. રાવણ પાસે દસ મસ્તક — કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, મન, બુદ્ધિ, ચિત્ત. દસમા દિવસે આ દસ વિકાર પર વિજય — એટલે વિજયાદશમી.

૨. દુર્ગા કથા — મહિષાસુર વધઃ માં દુર્ગાએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કર્યું. મહિષાસુર એટલે ભેંસ જેવી જડતા, આળસ, અહંકાર. દસમા દિવસે તેનો વધ થયો. એટલે આ દિવસને દુર્ગા વિજય પણ કહે છે.

બંને કથાનો સાર એક જ — આસુરી શક્તિ પર દૈવી શક્તિનો વિજય.

શસ્ત્ર પૂજન કેમ?

દશેરા એ ક્ષત્રિયોનો, ખેડૂતોનો, કારીગરોનો અને આજના સમયમાં કલમ-કીબોર્ડનો તહેવાર છે.

ક્ષત્રિય શસ્ત્ર પૂજે, ખેડૂત હળ પૂજે, કારીગર ઓજાર પૂજે, વિદ્યાર્થી પુસ્તક પૂજે. કારણ — જેનાથી આપણું જીવન ચાલે છે, તે જ આપણું શસ્ત્ર છે. શસ્ત્ર એટલે હિંસા નહીં, રક્ષણ. શાસ્ત્ર એટલે જ્ઞાન.



આજે સાયબર યુગમાં કોમ્પ્યુટર, મોબાઈલ, કલમ — એ જ આપણું શસ્ત્ર. તેની પૂજા કરવી એટલે તેનો સદુપયોગ કરવાનો સંકલ્પ.

સુરતમાં ભાગળ મંદિરમાં વિશેષતા

પ્રાચીન શ્રી અંબાજી માતા મંદિર, ભાગળ, સુરતમાં નવરાત્રી પછી દસમા દિવસે મહા પૂર્ણાહુતિ અને ભક્તો ઘ્વારા મંદિરમાં અસ્ત્ર - શસ્ત્ર પૂજન અને અપરાજિતા પૂજા થાય છે. અપરાજિતા અર્થાત કદી ન હારનારી દેવી. તેની પૂજાથી શત્રુ બાધા દૂર થાય છે. ભક્તો પોતાના વાહન અને શક્તિનાં પ્રતિક ગણાતા ઓજાર /હથિયાર લઈને આશીર્વાદ લેવા આવે છે!

વધુમાં, આજરોજ તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૬, મંગળવારે ઘટસ્થાપનનું ઉત્થાપન બપોરે ૧ વાગ્યે થશે અને ત્યારબાદ શહેરના ભાગળ સ્થિત પ્રસિદ્ધ માઁ અંબાજી પ્રાચીન મંદિરની ૫૮ મી ભવ્ય રથયાત્રા તા.૨૧ ઓક્ટોબરના દિવસે બુધવારના રોજે શ્રી અંબાજી મંદિરથી નગરચર્યા અને માઁઈ ભક્તોને દર્શન તથા આશીર્વાદ આપવા બપોરે ૧ વાગ્યે પ્રસ્થાન કરશે.

જીવન સંદેશ શું?

આપણે દર વર્ષે રાવણ બાળીએ છીએ, પણ આપણી અંદરનો રાવણ બાળીએ છીએ ખરા?

દશેરા બહારનો તહેવાર નથી, અંદરની યાત્રા છે. નવ દિવસ ઉપવાસ, જપ, માળા કર્યા પછી જો દસમા દિવસે પણ ક્રોધ, અહંકાર, ઈર્ષ્યા એમ જ રહે તો નવરાત્રી અધૂરી.

માટે આ દિવસે ત્રણ સંકલ્પ લોઃ
૧. એક ખરાબ આદતનો ત્યાગ — રાવણ દહન.
૨. એક સારી આદતનો સ્વીકાર — રામ રાજ્ય સ્થાપન.
૩. તમારા શસ્ત્ર / શાસ્ત્રને સાફ કરીને પ્રણામ — આભાર ભાવ.

નવરાત્રીમાં શક્તિ મળી, સિદ્ધિ મળી, હવે દશેરા પર તે શક્તિનો સદુપયોગ કરવો — એ જ સાચો વિજય.

આજે વિશ્વમાં આસુરી શક્તિ નવા રૂપે છે — આતંકવાદ, ભ્રષ્ટાચાર, નશો, મોબાઈલનું વ્યસન. તેના પર વિજય બંદૂકથી નહીં, વિવેકથી મળશે. માં સિદ્ધિદાત્રીએ આપેલી સિદ્ધિને વિવેકથી વાપરશો તો જીવનમાં દરરોજ દશેરા.

મંત્રઃ — જયા દેવી અપરાજિતે, સર્વ શત્રુ વિનાશિની.

નવ દિવસ માતાજીએ આપણને સાચવ્યા, દસમા દિવસે આપણે માતાજીને કહીએ — હે મા, અમને સત્યના માર્ગે અડગ રાખજો!

સર્વે ભવન્તુ સુખિનઃ! જય શ્રી રામ!

★ (મહર્ષિ વિપુલ અંબાજીવાલા- શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત



દર વર્ષની જેમ આ વર્ષે પણ શાલ્વિક શુકન સોસાયટી, વાવોલ ખાતે નવરાત્રીનું ધામધૂમથી આયોજન કરવામાં આવેલું છે. જેમાં નાના બાળકોને ગિફ્ટ વિતરણ તેમજ વેશભૂષાનું પણ આયોજન કરવામાં આવેલું.

આસ્થા નું કેન્દ્ર બોટાદ મુક્તિધામ મેલડી માતાજી મંદિરે સાતમાં નોરતે દીપ માળા તથા મહા આરતી કાર્યક્રમ યોજાયો



બોટાદ મુક્તિધામ પરિસર માં સુપ્રસિદ્ધ મેલડી માતાજી નું સુંદર મંદિર આવેલ છે.જગત જનની માતાજી નું ભક્તિ અને આરાધના નું પર્વ એટલે નવરાત્રિ...

અહી નવરાત્રી ના સાતમા નોરતે સાંજ ના શુદ્ધ ઘી ની ૧૦૮ દીપક ની દીપ માળા સાથે મહા આરતી કાર્યક્રમ યોજાયો . પ્રથમ ઉપસ્થિતિ મહાનુભાવો ના વરદ હસ્તે ૧૦૮ દીપમાળા પ્રગટાવવામાં આવેલ. આ પ્રસંગે લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી ઈશ્વર ભાઈ કળથીયા , બોટાદ સતવારા સમાજ ના પ્રમુખ મહાસુખ ભાઈ કણઝરીયા , કરમશી ભાઈ ભવાન ભાઈ શહેર ભાજપ પ્રમુખ કિરીટ ભાઈ પાટીવાળા,પાલિકા પૂર્વ પ્રમુખ કિશોરભાઈ પાટીવાળા , મુક્તિધામ ના ચેરમેન સી.એલ. ભીકડીયા , સતવારા સમાજ ના ટ્રસ્ટીશ્રીઓ,આગેવાનો તથા મોટી સંખ્યામાં માં ધર્મપ્રેમી ભાઈ બહેનો ઉપસ્થિતિ રહી મહા આરતી ઉતારવામાં આવેલ.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat